/

વડોદરા અને રાજકોટ ખાતે કાર્યરત સરકારી સંસ્થાઓમાં પુખ્ત વયના માનસિક ક્ષતિવાળા પુરૂષો માટેનું યુનિટ શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- અપગ/૧૦૨૦૧૩/૭૭૮૧૨૧/ન.બા.-૭/છ-૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ :- ૩૧/૭/૨૦૧૪.

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરીનો તા.૧૫/૧૧/૨૦૧૩નો પત્ર ક્ર-સસુખા/યજન/ન.બા.-૧૩-૧૪/૨૫૭, તથા તા.૭/૬/૨૦૧૪નો પત્ર ક્ર- સસુખા/યજન/ન.બા.-૧૪-૧૫/૩૪

## ઠરાવ :-

પુખ્ત વયના માનસિક ક્ષતિવાળા પુરૂષો કે જેઓ અનાથ છે તેઓ અસામાજીક તત્વોનો ભોગ ન બને તે માટે કોઈ સંસ્થામાં આશ્રય આપવા અંગેની કાયદાકીય જોગવાઈ અન્વયે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરીએ મંદબુધ્ધિવાળા બાળકોનું ગૃહ, ફતેહપુરા રોડ,વડોદરા અને મંદબુધ્ધિવાળા બાળકોનું ગૃહ, કાલાવાડ રોડ, રાજકોટ ખાતે કાર્યરત સરકારી સંસ્થાઓમાં પુખ્ત વયના માનસિક ક્ષતિવાળા પુરૂષો માટેનું યુનિટ શરૂ કરવા બાબતે ઉપર વંચાણે લીધેલ ક્રમ- (૧) સામેના પત્રથી નવી બાબતની દરખાસ્ત રજુ કરેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૩/- ઉક્ત વિગતે સરકારી ધોરણે માનસિક ક્ષતિવાળી વ્યક્તિઓ માટે વડોદરા અને રાજકોટ ખાતે કાર્યરત સંસ્થાઓમાં તમામ ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ હોઈ, તેમાં પુખ્ત વયના માનસિક ક્ષતિવાળા પુરૂષો માટે ૨૫ લાભાર્થીઓનું અલગ યુનિટ શરૂ કરવામાં આવે તો આ બન્ને સંસ્થાઓમાં માત્ર સાત અંતેવાસી દીઠ એક એટેન્ડન્ટની ગણતરી કરતાં, બંન્ને સંસ્થાઓમાં ૩ + ૩ = એમ કુલ-૬ જગ્યાઓ આઉટસોર્સથી મીનીમમ રૂ.૫,૦૦૦/-ના ફીક્સ પગારથી ભરતાં અંદાજે રૂ.૩.૦૦ લાખનો ખર્ચ થનાર છે, જે અન્વયે પુખ્ત વિચારણાને અંતે વડોદરા અને રાજકોટ ખાતે કાર્યરત સરકારી સંસ્થાઓમાં પુખ્ત વયના માનસિક ક્ષતિવાળા પુરૂષો માટેનું યુનિટ શરૂ કરવા અંગેની આ વિભાગે રજુ કરેલ રૂ.૧૪.૭૬ લાખની દરખાસ્તને બદલે સુધારીને રૂ.૧૦.૦૦ લાખની નવી બાબતને આથી નીચેની શરતોએ સરકારશ્રીની મંજૂરી (અંદાજપત્ર પ્રકાશન – ૨૪-૧, પાના નંબર- ૧૬૨) આપવામાં આવે છે :-

(૧) હાલ એટેન્ડન્ટની જગ્યાની કામગીરી હયાત મંજૂર થયેલ વર્ગ-૪ના મહેકમ મારફત લેવાની રહેશે, તથા બાદમાં સા.વ.વિભાગના તા.૧/૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કામગીરી કરાવવાની રહેશે.

(૨) સાધન સામગ્રી પણ જરૂરીયાત અનુસાર કરકસરયુક્ત રીતે ખરીદવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) આ દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૫) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૮) આ યોજના અન્વયે નિયત કરેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) પ્રવર્તમાન યોજના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૩/૬/૨૦૧૪ અંતિત નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Bhatt

(બી.એસ.મોદી)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

(૩) અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિ.વિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.....બહોળી પ્રસિધ્ધિ કરવાની વિનંતી સાથે.

(૫) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૬) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ, તમામ જિલ્લાઓ. (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર મારફતે)

(૭) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.

(૮) સર્વે જિલ્લા હિસાબ અને તિજોરી અધિકારીશ્રીઓ, તમામ જિલ્લાઓ.

(૯) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

(૧૦) નાણા સલાહકારશ્રી, (સા.ન્યા. અને અ.વિભાગ,) બ્લોક નં.-૧૪, બીજો માળ,સચિ.,ગાંધીનગર.

(૧૧) સેકશન અધિકારીશ્રી, બજેટ / શાખા, છ-શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય,

(૧૨) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટરસેલ / શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિ., ગાંધીનગર. વિભાગની વેબ સાઈટમાં છ-૧/શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૩) સીલેક્ટ ફાઈલ, છ-૧ / શાખા.